# મહેસાણા જિલ્લાના બુટલેગર વિરસંગ ઠાકોરને LCBએ ઝડપ્યો

મહેસાણા, મહેસાણા જિલ્લાનાં ભાસરીયાનો વતની અને વિદેશી દારૂની હેરફેર મોટાપાયે હેરફેર કરતા વિરસંગ ઠાકોરને એલસીબી પોલીસે મંગળવારે દિવાનપુરા ગામની સીમમાંથી ઝડપી લીધો હતો. રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા, એસપી નિલેશ જાજડીયાએ નાસતા ફરતા આરોપી પકડવા તેમજ મિલ્કત વિરૂધ્ધના ગુના શોધી કાઢવા આપેલી સુચના અન્વયે એલસીબી સ્ટાફનાં માણસોને બાતમી મળી હતી કે લાંઘણજ પોલીસ સ્ટેશનનાં પ્રોહીબિશનનાં ગુનાનો આરોપી ભાસરીયાનો ઠાકોર વિરસંગજી માનાજી ભાસરીયા ગામની દિવાનપુરા સીમમાં આવેલ ખેતરોમાં છે. આ માહીતીનાં આધારે એલસીબી સ્ટાફનાં માણસોએ દિવાનપુરા ગામની સીમમાં રેઈડ કરીને ઠાકોર વિરસંગજી માનાજીને પકડી લીધો હતો. તેની ધરપકડ કરીને એલસીબી પોલીસે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી. નોંધનીય છે કે ઠાકોર વિરસંગજી માનાજીએ મહેસાણા જીલ્લામાં કડી, લાંઘણજ, નંદાસણ વિગેરે વિસ્તારમાં પ્રોહીબિશનના ૬ જેટલાં ગુનાઓ આચર્યા હતા. આ તમામ ગુનાઓમાં લાંબા સમયથી તે નાસતો ફરતો હતો તેમજ આરોપીએ પોલીસ ધરપકડ ટાળવા પ્રયત્ન કરતાં તેની વિરૂધ્ધમાં મિલ્કત જપ્તી અંગેની પણ કાર્યવાહી કરવામાં આવી હતી.

## ૩ શખ્સોએ મહિલાનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યું

ઉના, કોડીનારની મહિલાને ૩ શખ્સો બાઈક પર અપહરણ કરીને દ્વોણ સીમમાં લઈ જઈ દુષ્કર્મ ગુજાર્યુ હોવાની ફરિયાદ નોંધાઈ છે. ઉના પોલીસ સ્ટેશનમાં મહિલાએ નોંધાવેલી ફરિયાદમાં તેને જણાવ્યું છે કે, રવિ નામના શખ્સે તેના ૨ મિત્રને કોડીનારથી ઉના બોલાવી અને પોતાના બાઈકમાં બેસાડીને દ્રોણની સીમમાં આવેલી વાડીમાં લઈ ગયો હતો. જ્યાં એક રૂમમાં ગોંધી રાખી ત્રણેય શખ્સોએ દુષ્કર્મ આચર્યુ હતું. આ સાથે જ તેઓએ મોબાઈલમાં વીડિયો શૂટીગ કરી કહ્યું કે જો કોઈને કહીશ અથવા પોલીસ ફરિયાદ કરીશ તો મારી નાખીશ.

# વિજયનગરના તલાટી કમ મંત્રી આદેશ ન માનતાં પકડ વોરંટ જારી

હિંમતનગર, સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાની ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીએ મામલતદારોના આદેશનું ઉલ્લંઘન કરતાં ખેતી વિષયક એચ-૧ પત્રકો તૈયાર ન કરતા મામલતદાર દ્વારા તલાટી સામે પકડ વોરંટ ઈસ્યુ કરાયુ છે. વિજયનગર પોલીસને તાકીદ કરાઈ છે કે તલાટી ગમે તે સ્થળે હોય ત્યાંથી પકડી લાવીને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ એટલે કે મામલતદાર સમક્ષ હાજર કરવાનો રહેશે. આ અંગેની વિગત એવી છે કે વિજયનગરમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી સી.બી.ડામોરને વિજયનગર મામલતદાર અને એકઝીકયુટી મેજીસ્ટ્રેટ દ્વારા ખેતી વિષયક એચ-૧ પત્રકો નિયત સમયમર્યાદામાં તૈયાર કરીને રજૂ કરવા માટે તાકીદ કરવામાં આવતી હતી.

વિજયનગર મામલતદાર દ્વારા વારંવાર લેખિત અને મૌખિક સુચનાઓ આપવા છતાં વિજયનગરના તલાટી દ્વારા આદેશોનું પાલન કરવામાં આવ્યુ ન હતું અને એચ-૧ પત્રકો તૈયાર કરીને રજૂ કર્યા ન હતા. જેથી વિજયનગર મામલતદાર દ્વારા મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ ની કલમ ૨૫ ની જોગવાઈ અંતર્ગત મંગળવારે તલાટી કમ મંત્રી સી.બી.ડામોર વિરૂધ્ધ ધરપકડ વોરંટ જારી કરીને પોલીસને ગમે ત્યાંથી આ તલાટીને પકડી હાજર કરવા માટેનો આદેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત તલાટીને પકડી દીવાની જેલમાં રાખવાનું પણ જણાવાયુ છે. આ અંગેની વિગત એવી છે કે વિજયનગરમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી સી.બી.ડામોરને વિજયનગર મામલતદાર અને એકઝીકયુટી મેજીસ્ટ્રેટ દ્વારા ખેતી વિષયક એચ-૧ પત્રકો નિયત સમયમર્યાદામાં તૈયાર કરીને રજૂ કરવા માટે તાકીદ કરવામાં આવતી હતી.

**સન સોર્સ ઈન્ડિયા લીમીટેડ**
૧, સોનલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ (ખોડા)
સાણંદ- વીરમગામ હાઈ-વે , અમદાવાદ- ૩૮૨ ૧૩૦
CIN: L40100GJ1992PLC017458
ઈમેલ : info@sunsource.in
વેબસાઈટ : www.sunsource.in

**નોટીસ**

આથી અહીં નોટીસ આપવામા આવે છે કે સેબી(લીસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ ડીસકલોઝર રીકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૭ ના ૨૯ રેગ્યુલેશન વાંચી સન સોર્સ (ઈન્ડિયા) લીમીટેડ ( ધ કંપની)ના બોર્ડ ઓફ ડિરેક્ટરો ની મીટિંગ તા.૩૦મી મે, ૨૦૧૯, ગુરૂવારના રોજ બીઆરજી બિઝનેઝ પાર્ક, બ્લોક - II, મરસીડીઝ બેન્ઝ શોરૂમ પાસે, ઓફ. ઓપી રોડ, અટલાડરા, વડોદરા ૩૯૦૦૧૨, ગુજરાતમાં કંપનીના૩૧મી, માર્ચ, ૨૦૧૯ ના નાણૅકીય વર્ષાંતે કંપનીના ઓડિટેડ નાણાંકીય પરિણામ કંસીડર અને રિકાર્ડ પર લેવા માટે રાખેલ છે.

તારીખ : ૨૪/૦૫/૨૦૧૯
સ્થળ : સુરત

સન સોર્સ ઈન્ડિયા લીમીટેડ વતી,
સહી/-
ડિરેક્ટર

# સાયન્સ સીટી ખાતે સમર સાયન્સ કેમ્પ ૨૦૧૯ની શરુઆત

અમદાવાદ, ગુજરાત સાયન્સ સીટી ખાતે રોબોટીક્સ વર્કશોપ સાથે સમર સાયન્સ કેમ્પ ૨૦૧૯ની શરુઆત થઇ છે. ૫ અઠવાડીયા ચાલનાર આ સાયન્સ કેમ્પમાં વિવિધ વષિયો જેવાકે રોબોટીક્સ, પ્લાન્ટ ટીસ્યુ કલ્ચર, કોમ્પ્યુટર ગેમ મેકીગ ટુલ્સ વગેરે પર વર્કશોપનુ આયોજન કરાયુ છે.

ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીના વિષય નિષ્ણાતો રોબોટીક્સ પર ત્રણ દિવસનો વર્કશોપ કરશે.

વર્કશોપની શરુઆતમાં ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીના સંશોધકો એ મુળભુત ઇલેકટ્રોનિક સાધનો જેવાકે એલઇડી,રેસીસ્ટર અને બ્રેડબોડ વિશે માહીતી આપી. વિધાર્થીઓને સમજાવવા માટે બ્રેડબોર્ડ પર એલઇડી કઇ રીતે ચમકે છે તે અંગે પ્રેકટીકલ સેશન દ્વારા માહીતી અપાઇ.

રોબોટીકસ વિસ્તૃત વિષય છે , ભાગલેનારાઓને સોફટવેર પાર્ટ, પ્રોગ્રામીગ લેન્ગવેજ Cઅને C ++ વિશે માહીતી અપાઇ. આવનાર દિવસોમાં ડીસ્પ્લે એલઇડી, ઓર્ડીનો બોર્ડ સાથે ડીસી મોટર ની રચના વિશે જાણકારી અપાશે.

સંશોધકે જણાવ્યુ કેઅમે આજે વિધાર્થીઓને ઇલેકટ્રોનિકસના મુળભુત તત્વો વિશે જણાવ્યુ. રોબોટીકસ વિશે શીખવા માટે બેઝીક ઇલેકટ્રોનિકની જાણકારી જરુરી છે. તેથી અમે એક પ્રેકટીકલ સેશન રાખ્યો જેમા અમે તેમને બેટરીને વાયર સાથે કનેકટ કરી એલઇડી ચાલુ કરવા જણાવ્યુ.

છેલ્લા દિવસે વિધાર્થીઓને પોતાની રીતે રોબોટ બનાવતા શીખવવામાં આવશે. -

**ઇન્ટરેક્ટીવ ફાઈનાન્સિયલ સર્વિસીસ લીમીટેડ**
**CIN: L65910GJ1994PLC023393**
રજી. ઓફીસ : એ -૧૦૦૬, પ્રીમીયમ હાઉસ, હેન્ડલુમ હાઉસ પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત.
ફોન નં. +૯૧-૭૯-૨૬૪૨ ૭૪૨૮ ફેક્સ : +૯૧-૭૯-૨૬૪૨ ૭૪૨૮
ઈમેલ: **compliance@ifinservices.com**,
વેબસાઈટ : **www.ifinservices.com**

**નોટીસ**

આથી અહી નોટીસ આપવામાં આવે છે કે સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસક્લોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૨૯ સાથે રેગ્યુલેશન ૪૭ વાંચતા તેની હેઠળ ૩૧મી માર્ચ, ૨૦૧૯ના રોજ પૂરા થતા કંપનીના ક્વાર્ટર અને વર્ષાંતે ઓડીટેડ ફાયનાન્સિયલ રિઝલ્ટ્સ ને ધ્યાન ઉપર અને રિકાર્ડમાં લેવા કંપનીની રજીસ્ટર્ડ ઓફિસખાતે **૩૦મી મે, ૨૦૧૯ ના રોજ સાંજે ૦૪.૦૦ વાગ્યે** કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરોની મીટીંગ મળનાર છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના ઓર્ડર વતી
સહી/-
શ્રી ઉદયન માંડવીયા
મેનેજિંગ ડિરેક્ટર
ડીન : ૦૦૭૪૦૬૧૫

તારીખ : ૨૩/૦૫/૨૦૧૯
સ્થળ : અમદાવાદ

# રજેન્ટ સેવન સી ક્રુઝીસ ૨૦૦થી વધુ વેજ વાનગીઓનો સમાવેશ

અમદાવાદ, વિશ્વની અગ્રણી લકઝરી ઓશન ક્રુઝ લાઇન રિજેન્ટ સેવન સી ક્રુઝીસ (Regent Seven Seas Cruises )દ્વારા મેનુમાં નવીનતમ પ્લાન્ટ આધારીત કુસીનની રજુઆત કરવામાં આવી. ૧ જુલાઇ ૨૦૧૯થી શરુ થનાર આ મેનુમાં ૨૦૦ થી વધુ પ્લાન્ટ આધારીત પસંદગીઓ બ્રેકફાસ્ટ, લન્ચ અનેડીનરમાં મળી રહેશે જેથી કરીને લકઝરી ટાવ્લેર્સની જરુરીયાતો સમાવી શકાશે કેજેઓ વેજીટેરીયન કે વેગન લાઇફસ્ટાઇલ ધરાવે છે કે જેમણે પ્લાન્ટ આધારીત વધુ વાનગીઓ માણે છે.

નવી વાનગીઓમાં વાઇલ્ડ મશરુમ ટર્ટ વીથ બ્રિટલ પાઇ (મશરુમના ભજીયા)ક્રસ્ટ મશરુમ ડક્સેલસ, રેડ પીપર કૌલીસ, ફાલાફલ ફ્રીટરર્સ, પોટેટો એન્ડ ગ્રીન પીસ સમોસા સાથે આમલીની ચટણી તથા સમર બેરી પુડીગ ચેન્ટીલી વગેરેનો સમાવેશ છે. આ શ્રેણીમાં ઇટાલીયન ગ્રીક ,મીડલ ઇસ્ટર્ન , કોરીયન, થાઇ, વિયેતનામીઝ, મેકસીકન ,ઇટાલીયન, મલેશીયન અને વધુ નો સમાવેશ છે.

રિજેન્ટ સેવન સી ક્રુઝીસ ના પ્રેસીડન્ટ અને ચિફ એકઝીકયુટીવ ઓફીસર જેસોન મોન્ટેગ એ જણાવ્યુ કે લકઝરી ટ્રાવેલર્સ કે જેમા પ્લાન્ટ આધારીત કુસીન મા વધારે લે છે તેમના માટે વધુ બોલ્ડ, સ્વાદિષ્ટ એપેટાઇઝર, શરુ થી લઇને ડેઝર્ટ સુધી રજુ કરીએ છીએ જે અદભુત સ્વાદ અને મોમા પાણી આવી જાય તેવી રીતે રજુ કરાશે.

આ નવી રજુઆત રિજેન્ટના ફુડ અને બેવરેજના વાઇસ પ્રેસીડન્ટ બર્નહાર્ડ ક્લોત્ઝની આગેવાનીમાં રિજેન્ટના કલીનરી લિડરશીપ ટીમ દ્વારા વિકસાવાઇ છે. -

# કલ્યાણપુરના લીંબડી નજીક રિક્ષા પલટી મારી જતા કુવામાં ખાબકેલા દંપતીનું મોત

દ્વારકા, દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના લીંબડી નજીક આવેલા દામનગર પાસે ગુરૂવારે મોડી સાંજે મુસાફર ભરેલી રિક્ષા પલટી મારી જતા ફંગોળાયેલ ભાવનગરના દંપતીનું કુવામાં ખાબકતા મોત નિપજયું હતું. જયારે અન્ય પાંચ-છ મુસાફરોને ઇજા પહોંચતા તાત્કાલીક સારવાર માટે હોસ્પીટલ ખસેડાયા હતાં.ભાવનગરથી કલ્યાણપુરના ખાખરડા ગામે સબંધિના ઘરે આવેલા પતિ-પત્નિના મૃત્યુના આ બનાવે પંથકભરમાં અરેરાટી પ્રસરાવી છે.

મળતી માહિતી અનુસાર કલ્યાણપુરનાં લીંબડી નજીક આવેલા દામનગર પાસે ગુરૂવારે મોડી સાંજે એક રિક્ષામાં ૧૦ જેટલા મુસાફરો પસાર થઇ રહ્યા હતાં. દરમિયાન અચાનક જ રિક્ષા પલટી મારી જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ વિચિત્ર અકસ્માતમાં રિક્ષામાં સવાર મુસારફો પૈકીના માલદેસિંહ ભોજુભા ગોહીલ (ઉ.વ.૪૦) તેમજ તેમના પત્નિ ધર્મિષ્ઠાબા માલદેસિંહ ગોહીલ (ઉ.વ.૩૫) બન્ને બાજુમાં રહેલા કુવામાં ખાબકયા હતાં. કુવામાં પટકાયેલા પતિ-પત્નિ બંને પાણીમાં ગરક થયા હતાં અને બંનેનું મોત નિપજયું હતું. બનાવની જાણ થતા જ આજુબાજુના સ્થાનિક લોકો દોડી આવ્યા હતાં.જયારે ૧૦૮ની ટીમ પણ સ્થળ પર દોડી આવી હતી.

# યુટીઆઈ માસ્ટરશેર યુનિટ સ્કીમ – ત્રણ દાયકાથી સંપત્તિનાં સર્જનનો ઈતિહાસ

અમદાવાદ, યુટીઆઈ માસ્ટરશેર યુનિટ સ્કીમ ભારતની પ્રથમ ઈક્વિટીલક્ષી ફંડ (ઓક્ટોબર, ૧૯૮૬માં લોંચ થઈ હતી) છે અને ૩૦ વર્ષથી વધારે સમયથી સંપત્તિનાં સર્જનનો ટ્રેક રેકોર્ડ ધરાવે છે. યુટીઆઈ માસ્ટરશેર યુનિટ સ્કીમ તેજી કે મંદીનાં તમામ ચક્રોમાં સતત વાર્ષિક ડિવિન્ડ આપવાનો ઉત્કૃષ્ટ ટ્રેક રેકોર્ડ ધરાવે છે. યુટીઆઈ માસ્ટરશેર યુનિટ સ્કીમ ઓપન એન્ડેડ ઈક્વિટી સ્કીમ છે, જે મુખ્યત્વે લાર્જ કેપ કંપનીઓમાં રોકાણ કરે છે અને પોતાનાં ક્ષેત્રોમાં સ્પર્ધાત્મક લાભ ધરાવે છે. આ સ્કીમ સ્ટોક પસંદ કરવા માટે વાજબી કિંમતે વૃદ્ધિ (જીએઆરપી) રોકાણ સ્ટાઈલને અનુસરે છે. એનો અર્થ એ છે કે, કંપનીની આવકમાં વૃદ્ધિને ધ્યાનમાં રાખીને રોકાણકારે પોર્ટફોલિયોમાં એ સ્ટોક ખરીદવા કેટલી વાજબી કિંમત ચુકવવી જોઈએ એ નક્કી કરે છે. (૧)

# સાબરકાંઠાની હાઈસ્કૂલોમાં ૯૦ આચાર્યોની ભરતી કરાશે

હિંમતનગર, સાબરકાંઠા જિલ્લામાં કેટલાક વર્ષોથી ગ્રાન્ટેબલ માધ્યમિક શાળાના આચાર્યોની જગ્યાઓ ખાલી હોવાથી શિક્ષણ કાર્યને અસર થતી હતી ત્યારે રાજય સરકાર દ્વારા આચાર્યોની ભરતી કરવા માટેની કાર્યવાહી શરૂ કરી છે. જે અંતર્ગત જિલ્લામાં આવેલી હાઇસ્કુલોમાં ૯૦થી વધુ આચાર્યોની ભરતી કરવામાં આવશે. ઓગષ્ટ માસ દરમિયાન ઇન્ટરવ્યુની કામગીરી બાદ આચાર્યોને નિમણુકના ઓર્ડર અપાશે. રાજયની ગ્રાન્ટબેલ માધ્યમિક શાળાઓમાંથી ૨૧૩૬ માધ્યમિક શાળાઓમાં આચાર્યોની જગ્યાઓ ખાલી હતી. આ ખાલી જગ્યાઓ માટે ૩૩૭૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં અંદાજે ૧૫૨૦ જેટલા ઉમેદવારોએ એક કરતા વધારે શાળાઓની પસંદગી કરેલ છે. આથી જે જગ્યામાં એકપણ સામાન્ય ઉમેદવાર ન હોય તેવા કિસ્સામાં જૂથ બનાવવામાં આવ્યા છે. પરંતુ તે દરમિયાન જ લોકસભાની ચૂંટણીઓ જાહેર થતા જ આ ભરતી પ્રકિયા અટકી ગઇ હતી. સાબરકાંઠા જિલ્લામાં ધોરણ-૯ થી ૧૨ની અનેક હાઇસ્કુલોમાં આચાર્ય ન હોવાથી શિક્ષણને અસર જોવા મળી હતી. આ અંગે વધુ માહિતી આપતા જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી સંજય વ્યાસે જણાવ્યુ હતું કે, રાજય સરકાર દ્વારા

# મુન્દ્રાના બારોઈ રોડ પર પોલીસ થાણુ જરૂરી

મુન્દ્રા, મુન્દ્રાને અડીને આવેલું બારોઇ ગામ તાલુકાના ઉદ્યોગીક વિકાસ બાદ જેટ ગતિએ વિકાસ કરી નગરના પરામાં પરીવર્તીત થયા બાદ આ વિસ્તારમાં સમયના તકાજાને અનુલક્ષીને આઉટપોસ્ટ પોલીસ થાણાની માંગ ઉભી થઇ છે. પંચાયતી દફતરે અંદાજીત દસ હજારની વસ્તી ધરાવતું નગરનું આ પરું મુન્દ્રાની જનસંખ્યાના સીતેર ટકા જેટલી વસ્તી ધરાવે છે.

અહીંની અસંખ્ય સોસાયટી વસાહતોમાં ઘરફોડ ચોરીના બનાવોએ માઝા મૂકી છે.સાંજ સવાર આવારા તત્વો ધૂમ સ્ટાઇલ બાઈક બેફામપણે હંકારી રાહદારીઓમાં દહેશત ફેલાવે છે.બન્ને ટાઈમ ઓટલે અડ્ડો જમાવતા રોડ રોમીયો નગરમાં રોંજીદા કાર્યો અર્થે આવતી મહિલાઓ માટે માથાના દુખાવા સમાન બન્યા હોવાનો ગણગણાટ ચોતરફ સંભળાઈ રહ્યો છે.છૂટી છવાઈ મારપીટના અનેક બનાવો અખબારોના મથાળા બની ચુક્યા છે.છેલ્લા વર્ષમાં દ્વિચકી વાહનોના અકસ્માતમાં એક લબરમૂછિયા યુવાને જીવથી હાથ ધોયા હોવાની ઘટના ઘટી ચુકી છે ત્યારે લોક લાગણીને માન આપી જીલ્લા પોલીસ અધિક્ષક સૂચિત વિસ્તારમાં ઝીરો પોઇન્ટ જેવી આઉટ પોસ્ટ પોલીસ ચોકી સ્થાપિત કરે તે અપેક્ષા લોકો સેવી રહ્યા છે.

# સુરતનું શગુન અને વાપીનો સંદેશ મેક્સ લિટલ આઈકોન ૨૦૧૯ ના વિજેતાઓ તરીકે જાહેર

અમદાવાદ, અમદાવાદ પ્રસિદ્ધ ગુજરાતી ફિલ્મ અભિનેત્રી ભક્તિ કુબાવત અને ફેશન બ્લોગર અને કોમ્યૂનિકેશન નિષ્ણાત કુલવીન નરુલા એ આજે અમદાવાદ વન મોલમાં "મેક્સ લીટલ આઈકોન ૨૦૧૯" ના ફિનાલે ના વિજેતાઓની જાહેરાત કરી. ફેશન વોક સ્પર્ધા માં સુરતનું શગુન અને નુત્ય સ્પર્ધા માં વાપીનો સંદેશ ને "મેક્સ લીટલ આઈકોન ૨૦૧૯" ના વિજેતાઓ તરીકે જાહેર કરવામાં આવી હતી. દરેક બાળક એક સુપર હીરો છે એ સિદ્ધ કરવા માટે મેક્સ લીટલ આઈકોન ૨૦૧૯ નું આયોજન ગુજરાતના ૭ શહેરો જેવા ગાંધીધામ, રાજકોટ, સુરત, વાપી, આનંદ,વડોદરા,અને અમદાવાદમાં કરવામાં આવ્યુ હતું. આ સ્પર્ધા માં ૨ વર્ષથી ૧૦ વર્ષ સુધીના ઉંમરના બાળકો ને ડ્રોઇંગ, નૃત્ય અને ફેશન શોના ઈવેન્ટ્સમા ભાગ લેવાની તક આપવામાં આવી હતી દરેક શહેરમાં કેટલાક અદ્ભુત અને સ્પર્ધાત્મક ઓડિશન જોવા મળ્યા હતા. દર શહેરમાં સરેરાશ ૪૦૦ થી ૫૦૦ બાળકો ઓડિશન માટે દેખાયા.. ૧૮ મી મેં, ૨૦૧૯ ના રોજ અમદાવાદ માં ગ્રાન્ડ ફાઇનલ માટે દરેક શહેરમાંથી ફાઇનલિસ્ટની પસંદગી કરવામાં આવી હતી. (૧૯-૮)

## હવેથી શાળાઓમાં નવરાત્રિ વેકેશન નહીં મળે, માધ્યમિક શિક્ષણ સમિતિનો નિર્ણય

અમદાવાદ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સમિતિની બેઠક મળી હતી. જેમાં હવેથી શાળાઓમાં નવરાત્રિ વેકેશન નહીં આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉપરાંત ધોરણ-૯ અને ૧૧માં રિટેસ્ટ નહીં લેવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષથી નવરાત્રિમાં વેકેશન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# અમદાવાદ માં શરૂ થયું શહેરનું સૌથી મોટુ પીઝાઝોન આઉટલેટ

અમદાવાદ, વસ્ત્રાપુર ખાતે શહેરનું સૌથી મોટુ પીઝાઝોન આઉટલેટ શરૂ કરવામાં આવ્યું.આ પીઝાઝોન માં અનલિમિટેડ પીઝા અને સલાડ માટે સૌથી મોટુ જાણીતું નામ છે.

જાણીતી અદાકારા જસપ્રીત કૌર કે જે બૉલીવુડ ની ઘણી ફિલ્મો અને ટીવી સિરિયલ માં કામ કરી ચુકેલી અમદાવાદ શહેરની મુલાકાત લીધી હતી ત્યાંરે જસપ્રિતે પીઝાઝોન ની પણ ખાસ મુલાકાત લીધી હતી ત્યાં પ્રેસ કોન્ફ્રન્સ નું આયોજન પણ ખાસ કરવામાં આવ્યું હતું.

જસપ્રીત કૌરે ઇન્ડિયાબુલ્સ, હીરો હોન્ડા,જેવી જાણીતી કંપનીઓની જાહેરાત ઉપરાંત પરિણીતી ચોપરા સાથે પણ એડ કરી ચુકેલી છે.મિસ ઇન્ડિયા માં ભાગ લઇને મિસ ફેશનિસ્ટ નૉ ટાઇટલ પણ જીતી ચુકી છે.

જસપ્રીત કૌરે ઘણી પ્રાદેશિક ફિલ્મો જેમ કે,મરાઠી ફિલ્મ બોમ્બે સેન્ટ્રલ અને સાઉથ ઇન્ડિયા ની ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે.આગામી સાઉન્ડ ઓફ વોર અને ઔલાદ ફિલ્મો સિનેમાઘરો માં રિલીઝ થશે.

**RADHE DEVELOPERS (INDIA) LIMITED**
**Regd. Office :** First Floor, Chunibhai Chambers, Behind City Gold Cinema, Ashram Road, Ahmedabad-380009,
**CIN:** L45201GJ1995PLC024491 | **Website :** www.radhedevelopers.com
**Phone:** +91 79-26583381/2 | **Fax:** +91 79-26585567 | **E-mail:** secretarial@radheinfra.com

**EXTRACT OF THE STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED MARCH 31, 2019**

(₹ in lakhs except per share data)

| Sr. No. | Particulars | Quarter ended | Year ended | Quarter ended |
|---|---|---|---|---|
| | | 31/03/2019 | 31/03/2019 | 31/03/2018 |
| | | Audited | Audited | Audited |
| 1 | Total Revenue from operations | 0.00 | 1065.35 | 579.93 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (57.78) | 0.80 | 231.46 |
| 3 | Net Profit / (Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items) | (57.78) | 0.80 | 231.46 |
| 4 | Net Profit / (Loss) for the period after Tax (after Exceptional and/or Extraordinary items) | (47.01) | (5.28) | 207.11 |
| 5 | Total Comprehensive Income for the period | (46.62) | (4.89) | 208.20 |
| 6 | Paid up Equity Share Capital (Face value of ₹ 10/- each) | 2517.99 | 2517.99 | 2517.99 |
| 7 | Other Equity excluding revaluation reserves | - | | - |
| 8 | Earnings Per Share (of ₹ 10/- each) (Not Annualised) (for continuing & discontinued operations) | | | |
| | a) Basic | (0.19) | (0.02) | 0.82 |
| | b) Diluted | (0.19) | (0.02) | 0.82 |

**Note :**
1 The above is an extract of the detailed format of Financial Results for the quarter and year ended on March 31, 2019 filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the said Results are available on the Stock Exchange website (www.bseindia.com) and on the Company's website (www.radhedevelopers.com).

**For, Radhe Developers (India) Limited**

**Place : Ahmedabad** S/d
**Date : May 24, 2019** **Ashish Patel**
*CEO & Managing Director*
DIN: 00228026

**Shantai Industries Limited**
(formerly known as Wheel and Axle Textiles Limited)
Reg.Office : 820, Golden Point, Nr. Telephone Exchange, Begumpura, Falsawadi, Ring Road, Surat - 395003. Ph: 0261 - 2455425 - 2455426
Branch/Godown :- 435, Sawlani Silk Mills Compound, G.I.D.C., Pandesara, Surat (India)
Phone : 0261 - 2891991 to 994 Fax : 0261 - 2891994
E-mail:shantaiindustriesltd@gmail.com * PAN :AAACW2140E * CIN :L74110GJ1988PLC013255

Extract of Standalone Audited Financial Results for the Quarter and Year ended March 31, 2019
(Rs. in Lacs)

| Sl. No. | Particulars | Quarter Ended 31-March-19 | Year Ended 31-March-19 | Quarter Ended 31-March-18 |
|---|---|---|---|---|
| 1. | Total income from operations (net) | 618.10 | 1282.57 | (48.46) |
| 2. | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary Items#) | 282.72 | 311.02 | (60.97) |
| 3. | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary Items#) | 282.72 | 311.02 | (60.97) |
| 4. | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items#) | 193.32 | 221.62 | (60.97) |
| 5. | Equity Share Capital | 150 | 150 | 150 |
| 6. | Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year | 496.63 | 709.54 | 496.63 |
| 7. | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) - Basic : | 12.89 | 14.77 | (3.98) |
| | Diluted: | 12.89 | 14.77 | (3.98) |

**Note:**
a) The above is an extract of the detailed format of Quarterly/Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Annual Financial Results are available on the websites of the Stock Exchange(s) and the listed entity. (URL of the filings).
b) The impact on net profit / loss, total comprehensive income or any other relevant financial item(s) due to change(s) in accounting policies shall be disclosed by means of a footnote.
c) # - Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules / AS Rules, whichever is applicable.

By order of the Board
For Shantai Industries Limited
(Formerly known as Wheel And Axle Textiles Limited)
Sd/-
Vasudev F. Sawlani
(MD)

Place: Surat
Date: 24-05-2019

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Published From: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-